# કોપિરાઇટર

કૉપિરાઈટર્સ કોઇ સંકલ્પના, ઉદ્યોગ અથવા ઉદ્યમ કે પછી કોઈ ઉત્પાદન કે વ્યક્તિના પ્રચાર-પ્રસાર માટેની વિજ્ઞાપન સામગ્રીઓ તૈયાર કરે છે. વિજ્ઞાપનની કામગીરીનું આ એક એવું અંગ છે જે ગ્રાહકોનું ધ્યાન ખેંચે તેવી આકર્ષક જાહેરાતો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કોપીરાઈટરનો ઉદ્દેશ્ય ભાષા, તસ્વીર કે ચિત્રની ગોઠવણ થકી જાહેરાતને પ્રભાવી બનાવી અને ગ્રાહકોને આકર્ષિત કરવાનો, ગ્રાહકોને ખુશ રાખવાનો અને નવા ગ્રાહકો મેળવવાનો હોય છે.




## વ્યક્તિગત નિપુણતા

- તમે ભાષા કૌશલ્ય તેમજ લેખનનો શોખ ધરાવો છો
- તમે અત્યંત કલ્પનાશીલ છો અને સારા નિરીક્ષક છો
- તમે શિસ્તબદ્ધ અને સાતત્યપૂર્ણ રીતે કામ કરો છો
- તમે વિગતો પર ધ્યાન આપો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૩૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. પત્રકારિત્વ / માસ કોમ્યુનિકેશન / વિજ્ઞાપન / ડિઝાઈન / માર્કેટીંગમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

- પત્રકારિત્વ / માસ કોમ્યુનિકેશન / વિજ્ઞાપન / ડિઝાઈન / માર્કેટીંગમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ, સમાન અને સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**
- પત્રકારિત્વ / માસ કોમ્યુનિકેશન / વિજ્ઞાપન / ડિઝાઈન / માર્કેટીંગમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો, ત્યારબાદ માસ કોમ્યુનિકેશન / વિજ્ઞાપન / ડિઝાઈન / માર્કેટીંગમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કૉપિરાઈટરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૬,૦૦૦ થી ૫૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત : https://www.payscale.com/research/IN/Job=Copywriter/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ક્રિએટિવ એજન્સીઓ, સરકારી સંસ્થાઓ, જન સંપર્ક સંસ્થાઓ, પ્રકાશન ગૃહો, ફિલ્મ અને ટીવી સ્ટુડિયો, એડ એજન્સીઓ તેમજ મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ કંપનીઓ વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા :** તમે ફ્રીલાન્સ કામ કરવાનું પસંદ કરી શકો છો અને એક જ સમયે અનેકવિધ કાર્યોને હાથ પર લઈ શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** આ ડેસ્ક જોબ છે. તમારા કામના કલાકો અઠવાડિયાના ૫ થી ૬ દિવસ માટે દરરોજ ૮ થી ૧૦ કલાક સુધી હોઈ શકે છે. કંપની મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ આર્ટ્સ અથવા માસ કોમ્યુનિકેશન અથવા પત્રકારિત્વ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ એડવર્ટાઈઝિંગ, નોઈડા
૨. સેન્ટ સ્ટીફન્સ કોલેજ, દિલ્હી
૩. એચ.એન.જી.યુ., પાટણ
૪. જીસસ એન્ડ મેરી કોલેજ, દિલ્હી
૫. ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, બેંગલુરૂ
૬. પ્રેસિડેન્સી કોલેજ, કોલકાતા
૭. જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા
૮. એમ.એસ.યુ., વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સી.વી.એમ. યુનિવર્સિટી, આણંદ
૨. એમિટી યુનિવર્સિટી, કોલકાતા, દિલ્હી
૩. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગલુરૂ
૪. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા
૫. જે.ડી.ટી. ઈસ્લામ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, કોઝિકોડ
૬. સેન્ટ મેરી કોલેજ, થ્રિસુર
૭. લોયોલા કોલેજ, ચેન્નાઈ
૮. એસ.એસ.સી.સી.એમ., ભાવનગર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી → કૉપિરાઈટર → વરિષ્ઠ કૉપિરાઈટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

કેમેરા પર્સન, કેમેરામેન, કેમેરા ઓપરેટર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**અનુજા ચૌહાણે** મિરાન્ડા હાઉસ, દિલ્હીમાંથી આર્થશાસ્ત્રમાં બી.એ. અને રોયલ મેલબોર્ન ઈન્સ્ટિટ્યુટ ઑર ટેકનોલોજીમાંથી માસ કૉમ્યુનિકેશન્સમાં ડિપ્લોમાની પદવી હાંસલ કરેલ છે. તેણીએ કોપીરાઈટર તરીકે વિજ્ઞાપન એજન્સીમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. વિજ્ઞાપનની દુનિયામાં ‘‘યે દિલમાંગે મોર’’, ‘‘કિટકેટ બ્રેક બનતા હૈ’’, ‘‘ઓયે બબલી’’ અને ‘‘ટેઢા હૈ પર મેરા હૈ’’ જેવા કેટલાક સૌથી આકર્ષક વાક્યો તેમણે આપ્યા.*

સ્રોત : https://harpercollins.co.in/author-details/anuja-chauhan/#:~:text=Anuja%20Chauhan%20was%20an%20army,Darr%20ke%20Aage%20Jeet%20Hai

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.